## બાળકો અને યુવાનોને સલામત અને સારી રીતે રાખવામાં માતા-પિતાઓ/પરિવારોને ટેકો આપવા માટે અમારી સામેલગીરીના કારણો

મોટાભાગના કિસ્સાઓમાં, અમારી એજન્સીને સમુદાયિક સભ્યો અથવા સ્થાનિક વ્યાવસાયિકો (દા.ત. શિક્ષકો, જાહેર આરોગ્ય કાર્યકરો, પોલીસ અધિકારીઓ, વગેરે) દ્વારા બોલાવવામાં આવે છે જેઓ બાળક અને/અથવા યુવાનોની ભાવનાત્મક અને/અથવા મૂળભૂત શારીરિક જરૂરિયાતો (દા.ત. ખોરાક, આશ્રય, કપડાં, વગેરે)ને પહોંચી વળવાની કુટુંબની ક્ષમતા વિશે ચિંતિત હોય.

ઉપલબ્ધ સંશોધન અનુસાર, "ઓન્ટારિયોમાં 89% જેટલા બાળકો કે જેઓ ચિલ્ડ્રન્સ એઇડ સોસાયટીઓ પાસેથી સેવાઓ મેળવે છે તેઓ આવું કરે છે કારણ કે તેઓના પરિવારો તેઓની શારીરિક અને ભાવનાત્મક જરૂરિયાતોને પહોંચી વળવામાં અસમર્થ હોય છે. સંશોધન બતાવે છે કે, બાળકની શારીરિક, ભાવનાત્મક અને સામાજિક જરૂરિયાતોને સતત પૂર્ણ ન કરી શકવાની અસર વિનાશક હોઈ શકે છે અને જીવનમાં મોડેથી ગંભીર સમસ્યાઓ તરફ આગળ વધી શકે છે (ઓન્ટારિયો એસોસિએશન ઓફ ચિલ્ડ્રન્સ એઇડ સોસાયટી - ઓ.એ.સી.એ.એસ).

## શા માટે કેટલાક પરિવારોને સલામતી અને સુખાકારી માટે બાળક/યુવાનની જરૂરિયાતોને પહોંચી વળવું પડકારજનક લાગે છે:

અમે જે બાળકો અને યુવાનોને ટેકો આપીએ છીએ તેઓ પરિવારોનો એક ભાગ છે જેઓ એવા મુદ્દાઓ સાથે સંઘર્ષ કરી રહ્યાં છે જે પેરેંટિંગને પહેલેથી હોય તેના કરતા વધારે પડકારજનક બનાવી શકે છે. આમાંની અમુક મુશ્કેલીઓમાં માનસિક સ્વાસ્થ્ય સંઘર્ષ, વ્યસન, સામાજિક અલગાવ, આઘાત અને આત્યંતિક નાણાકીય તણાવનો સમાવેશ થાય છે.



"પ્રોવિન્સમાં ચિલ્ડ્રન્સ એઇડ સોસાયટીસમાંથી ત્રેપન (53%) જેટલા પરિવારો ઉપરોક્ત એક કે વધારે મુશ્કેલીઓ અનુભવવામાં સામેલ હોય છે."

આ મુશ્કેલીઓ ઘણીવાર લોકોની સેવાઓ, નિર્વાહ યોગ્ય વેતન અને મહત્વપૂર્ણ સામાજિક સંસાધનો સુધી પહોંચનો અભાવને લીધે થાય છે જે વિવિધ કટોકટીઓમાં સક્રિયપણે ફાળો આપી શકે છે (દા.ત. ખોરાકનો અભાવ, સસ્તી ડે-કેર, નૈદાનિક સેવાઓ, આરોગ્ય સંભાળ, અપર્યાપ્ત આવાસ, વગેરે).

આવી કટોકટીઓ તમામ પૃષ્ઠભૂમિના પેરેંટિંગ અને પરિવારોને અસર કરી શકે છે અને સમર્થનના બિંદુ તરીકે અમારી એજન્સીની સામેલગીરી તરફ દોરી શકે છે.

## કોઈ બાળક/યુવાનની સુરક્ષા અને સુખાકારી વિશે ચિંતિત જાહેર જનતામાંથી કોઈ વ્યક્તિ અમેને બોલાવે છે ત્યારે શું થાય છે?

જ્યારે એજન્સીને સમુદાયમાંની કોઈ વ્યક્તિ દ્વારા બોલાવવામાં આવે ત્યારે, ચિંતાઓની તપાસથી એ નિર્ધારિત કરવામાં મદદ મળશે કે બાળક/યુવાનને નુકસાન થયું હતું અથવા નુકસાન થવાનું જોખમ છે. જો બાળક/યુવકની સુરક્ષાને ચિંતા માનવામાં આવે તો, અમે બાળક/યુવાનને સુરક્ષિત રાખવાની શ્રેષ્ઠ રીત નક્કી કરવા પરિવાર સાથે મળીને કામ કરીશું, જેમાં કુટુંબ માટે સહાયક સેવાઓ સામેલ હોઈ શકે છે.

## બાળકો સુરક્ષિત અને સારા હોવાની ખાતરી કરવા અમે પરિવારો અને તેઓના સમુદાય સાથે મળીને કામ કરીએ છીએ

બાળ સુરક્ષા અને સુખાકારી એ સમુદાયની સહિયારી જવાબદારી છે. બાળકો અને પરિવારોને જોઇતી સેવાઓ પહોંચાડવા, અમે ભાગીદારો સાથે સહયોગ કરીએ છીએ જેમ કે: પુખ્ત અને બાળકોની માનસિક આરોગ્ય સેવાઓ, વ્યસન કેન્દ્રો, રોજગાર કેન્દ્રો, મહિલા આશ્રયસ્થાનો, ડે-કેર, સામુદાયિક કેન્દ્રો, પરામર્શ સેવાઓ, આવાસ સહાય કામદારો, શાળાઓ અને હોસ્પિટલો.

અમે જાણીએ છીએ કે સામાજિક સેવાઓ ઉકેલનો એક મહત્વપૂર્ણ ભાગ હોય છે ત્યારે, અમે ક્યારેય પરિવારો, વિસ્તૃત પારિવારિક સભ્યો અને સહાયક સમુદાયોનો પ્રેમ અને પાલનપોષણને બદલી શકતા નથી.

## તમારા અધિકારો

જો અમે તમારા પરિવાર સાથે સંકળાઈએ તો:

- તમને અમારી સામેલગીરીનું કારણ સંપૂર્ણ રીતે સમજવાનો અધિકાર છે. તેમાં તમે જે ભાષા શ્રેષ્ઠ રીતે સમજતા હો તે ભાષામાં રજૂ કરવાની વિનંતી કરવાનો અધિકાર સામેલ છે.
- તમે જે સેવાઓ મેળવી રહ્યાં હો તે તમારી જરૂરિયાતોને પૂર્ણ કરતી ન હોય અથવા અમે લીધેલા નિર્ણયો સાથે તમે અસંમત હો ત્યારે તમને અમારી સાથે વાત કરવાનો અધિકાર છે. જો અમે તમારી ચિંતાઓનું નિરાકરણ ન લાવીએ તો તમને બાહ્ય ફરિયાદ પ્રક્રિયા કરવાનો અધિકાર છે.
- એવા સંજોગો આવે છે કે જેમાં ન્યાયાધીશને નિર્ણય લેવા માટે કહેવા કોર્ટમાં માહિતી રજૂ કરવાની જરૂર પડે. જો આવું થાય તો, તમને વકીલની સહાયથી કોર્ટમાં તમારી માહિતી રજૂ કરવાનો અધિકાર છે.
- તમને તમારી ફાઇલમાં મૂકેલી માહિતીને જાણવાનો અધિકાર છે અને તમે તમારી ફાઇલ માહિતીની નકલની વિનંતી કરી શકો છો.

તમારા અધિકારોનો ઉપયોગ કેવી રીતે કરવો તે વિશે વધુ જાણવા, કૃપા કરી તમારા કાર્યકરને પૂછો અથવા અમારો સંપર્ક કરવા અમારી વેબસાઇટની મુલાકાત લો (તમે નીચે ક્યૂઆર કોડ પણ સ્કેન કરી શકો છો).